# આવતીકાલે ગુજરાત આવતા પ્રધાનમંત્રી

## સાબરમતી આશ્રમ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીની ઉપસ્થિતીમાં મુખ્ય કાર્યક્રમથી રાષ્ટ્રવ્યાપી ઉજવણીનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા. ૧૦

ભારતની આઝાદીના ૭૫માં વર્ષે 'આઝાદી કા અમૃત મહોત્સવ' ઉજવણીનો કર્ટેન રેઈઝર કાર્યક્રમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતીમાં સાબરમતી આશ્રમ અમદાવાદ ખાતે ૧૨ માર્ચના રોજ યોજાશે. આ ઉજવણી અંતર્ગત સમગ્ર દેશમાં આગામી ૭૫ અઠવાડિયા દરમિયાન ૭૫ કાર્યક્રમો યોજાશે.

'આઝાદી કા અમૃત મહોત્સવ'નો મુખ્ય હેતુ દેશભરમાં ભાષા અને રાજયવાર જનજાગૃતિ અને આંદોલન પ્રેરાય, ભારતનો ભવ્ય અને ગૌરવપૂર્ણ ભૂતકાળ ઉજાગર થાય સાથે ભારતના વિકાસને દર્શાવવાનો છે.

તા. ૧૨મી માર્ચે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતની પહોંચ વૈશ્વિક સ્તરે વધુ વ્યાપક કરવા અને જનભાગીદારીથી રાષ્ટ્રના વિકાસ માટે 'શતાબ્દી સંકલ્પ ૨૦૪૭' લેવડાવશે.

આગામી એક વર્ષ દરમિયાન 'એક ભારત, શ્રેષ્ઠ ભારત', આત્મનિર્ભર ભારત, વિચાર, સિદ્ધિઓ અને ઉકેલ, ભારતનો સમૃદ્ધ સંસ્કૃતિ અને વારસો, સ્વાતંત્ર્ય સેનાનીઓ, આઝાદી ૨.૦ જેવી થીમ પર રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમોનું આયોજન કરાશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને ગઈકાલે મળેલી રાજ્ય સ્તરીય બેઠકમાં ગુજરાતમાં આ ઉજવણીને ભવ્ય રીતે મનાવવાના આયોજન રૂપે સમગ્ર રાજયમાં ૭૫ જેટલા સ્થળોએ વિવિધ કાર્યક્રમો મહાનુભાવો, મંત્રીશ્રીઓ, સાંસદો ધારાસભ્યો અને પદાધિકારીઓની ઉપસ્થિતીમાં યોજાશે.



આ હેતુસર સંબંધિત જિલ્લાઓના કલેકટરશ્રીઓ અને વહિવટીતંત્ર વિવિધ કાર્યક્રમોની ઉજવણીને આખરી ઓપ આપી રહ્યા છે.

અમદાવાદના મુખ્ય કાર્યક્રમની સાથે દરેક જિલ્લામાં એક કાર્યક્રમ ઉપરાંત કરમસદ, બારડોલી, રાજકોટ, પોરબંદર અને માંડવી ખાતે ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

'આઝાદી કા અમૃત મહોત્સવ' હેઠળ અમદાવાદ સત્યાગ્રહ આશ્રમથી દાંડી સુધી પ્રતીક દાંડીયાત્રા યોજાશે, આ યાત્રા દરમિયાન દરેક મથકે કૂચ કરનારાઓનું પરંપરાગત સ્વાગત કરવામાં આવશે. આઝાદીના લડવૈયાઓને શ્રદ્ધાંજલી કાર્યક્રમ, દેશભક્તિ ગીત અને ભજન કાર્યક્રમો, નાટય પ્રસ્તુતિઓ અને જાણીતા વકતાઓ દ્વારા વેબિનાર તથા લેકચર સિરીઝનું આયોજન થશે.

રાજય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ સહિતના મહાનુભાવો આ કાર્યક્રમોમાં સહભાગી થવાના છે.

અમદાવાદ શહેરના કોચરબ આશ્રમ, ગુજરાત વિદ્યાપીઠ ખાતે પણ સાબરમતી આશ્રમના મુખ્ય કાર્યક્રમ સાથે જ ઉજવણી કાર્યક્રમ યોજાશે.

મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ અને ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા તેમજ સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ આ કાર્યક્રમમાં જોડાશે.

ગુજરાત કોલેજ ખાતે યોજાનારા કાર્યક્રમમાં સાંસદ ડૉ. કિરીટ સોલંકી અને ધારાસભ્ય ભૂપેન્દ્રભાઈ ઉપસ્થિત રહેશે.

અમદાવાદ જિલ્લામાં ધોલેરા, ધંધુકામાં યોજાનારા કાર્યક્રમોમાં ધંધુકા ખાતે મંત્રી શ્રી જયેશભાઈ રાદડીયા તેમજ ધોલેરા ખાતેથી મહિલા આયોગ અધ્યક્ષા શ્રીમતી લીલાબેન અંકોલિયા સહભાગી થશે.

રાજકોટ જિલ્લામાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને શ્રી પંકજભાઈ ભટ્ટ ઉપસ્થિત રહેશે.

નવસારી જિલ્લામાં સાંસદશ્રી અને ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ, નાયબ મુખ્ય દંડક શ્રી આર.સી.પટેલ, ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલ તારા શ્રી પિયુષ ભાઈ દેસાઈ ઉપસ્થિત રહેશે.

## ખૂણેખાંચરેથી

- ચંદ્રાલા-સાદરા રોડનું કામ ખોરંભે પડતાં સ્થાનિકો મુશ્કેલીમાં મુકાયા છે અને લોકોમાં રોષની લાગણી જન્મી છે.
- દહેગામના સૌથી ભીડભાડવાળા વિસ્તાર પૂર્ણિમા હાઈસ્કૂલ પાસે આજે વધુ એક વાહનમાં આગ લાગતાં અફરાતફડીનો માહોલ સર્જાયો હતો.
- દહેગામ તા.પં.ના અધ્યાશી અધિકારી તરીકે જિલ્લા પુરવઠા અધિકારીની નિયુક્તી આજે તંત્ર દ્વારા કરવામાં આવી છે.
- ગાંધીનગર શહેર કોંગ્રેસની વિસ્તૃત કારોબારી આજે ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, પ્રદેશ નીરીક્ષકોની હાજરીમાં કોંગ્રેસ કાર્યાલય ખાતે મળશે.
- માસ્ક ન પહેરવા બદલ ગાંધીનગર જિલ્લામાં ૭૨,૨૧૭ વ્યક્તીઓ સામે દંડ વસુલવાની કામગીરી કરવામાં આવી છે.
- ગુજરાત વિધાનસભા ગૃહમાં ગુરૂથી રવિ સુધીનું મીની વેકેશન અંદાજપત્ર સત્રમાં આપ્યુ છે. આજે સાંજથી ધારાસભ્યો તેમના વતનમાં જવા રવાના થયા છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**અત્યાર સુધી અમારે, તમારા વિકાસ માટે ગાંડી-યાત્રા કરવી પડી હતી, હવે અમે અમારા વિકાસ માટે દાંડી-યાત્રા કરવાના છીએ.**

## ગાંધીનગરમાં ચાર પીઆઈની આંતરીક બદલી

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા દ્વારા ૪ બિન હથીયારી પોલીસ ઈન્સ્પેકટરની આંતરીક બદલી કરવામાં આવી છે. જેમાં સેકટર-૭ પોલીસ મથકના પીઆઈ જે.એચ.સિંધવને અડાલજ પોલીસ મથકે બદલી કરવામાં આવી છે. જયારે અડાલજના પીઆઈ ડી.એ.ચૌધરીની મહિલા પોલીસ સ્ટેશન ગાંધીનગર ખાતે બદલી કરાઈ છે. જયારે મહિલા પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા આર.આર. ત્રિવેદીને માણસા મુકવામાં આવ્યા છે. જયારે માણસા ખાતે ફરજ બજાવતા એસ.એસ. પવારને સેકટર-૭ પોલીસ મથકમાં બદલી કરાઈ છે. જયારે સેકટર-૨૧ પોલીસ મથક ખાતે ઈન્ચાર્જ પીઆઈ તરીકે ફરજ બજાવતા એમ.બી.ભરવાડ નિયમિત નિમણુંક આપવામાં આવી છે.

# ૧૫ માર્ચથી સત્યાગ્રહ છાવણી ખાતે મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ ઉમટી પડશે

### અચોક્કસ મુદ્દતની હડલાત પર કર્મચારીઓ ઉતરશે, ૨ હજાર કર્મચારીઓ આવવાની સંભાવના, ત્રણ યુનિયન એકઠા થતા ધરણા કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે તા.૧૫ માર્ચના રોજ મધ્યાહન ભોજન યોજનાના ૨ હજારથી વધુ કર્મચારીઓ ઉમટી પડશે,૧૭ જિલ્લામાંથી પોતાના હક માટે કર્મચારીઓ આવી ધરણા વિરોધ પ્રદર્શન કરશે. સત્યાગ્રહ છાવણી અને શહેર મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓથી ઉભરાશે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજયમાં છેલ્લા સાડા ત્રણ દાયકા થી વધુ સમયથી સામાન્ય વેતનમાં નોકરી કરતા મધ્યાહન ભોજન કર્મચારીઓનો પડતર પ્રશ્નોનો હજુ સુધી ઉકેલ આવ્યો નથી. કારમી મોંઘવારીમાં નજીવા વેતનમાં કેમ ઘર ચલાવવું તે પ્રશ્ન દરેક કર્મચારીને સતાવી રહ્યો છે. આ બજેટમાં પગાર વધારાની આશા પર પાણી ફરી વળ્યું છે જેથી એક લાખ કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. મધ્યાહન ભોજન યોજના કર્મચારીઓની મુખ્ય ત્રણ જ માંગણીઓ છે. જેમાં એનજીઓ રદ કરવી, માનદ વેતનમાં વધારો કરી લઘુતમ વેતન આપવું, નવા મેનુ મુજબ જે નાસ્તાની જોગવાઈ છે તેમાં અનાજ અને પેશગી આપવી, અથવા જુની પરંપરા મુજબ એક ટાઈમ ભોજન આપવાનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રી સમક્ષ અનેકવાર મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓના વિવિધ પ્રતિનિધી મંડળ પણ મળી આવ્યા છે. તેમ છતા આજદિન સુધી તેનો ઉકેલ આવ્યો નથી. ત્યારે હવે ઓલ ગુજરાત રાજય મધ્યાહન ભોજન કર્મચારી મંડળ, ગુજરાત મધ્યાહન ભોજન કર્મચારી એકતા મંચ, અને સમગ્ર મધ્યાહન ભોજન કર્મચારી મંડળના નેજા હેઠળ આગામી તા. ૧૫ ફેબ્રુઆરીના રોજ ૨ હજારથી વધુ કર્મચારીઓ સત્યાગ્રહ છાવણી ખાતે અચોકકસ મુદતના ધરણા પર ઉતરવાના છે. કોરોનાને પગલે માસ્ક પહેરીને આવવુ અને સોશ્યલ ડિસ્ટન્સ ખાસ જળવાય તેની તકેદારી રાખીને વિરોધ પ્રદર્શન યોજાશે.

# ગિફ્ટ સિટીના રેસિડેન્શિયલ ડેવલપમેન્ટને ગુજરાત સરકાર તરફથી પ્રોત્સાહન

### રાજ્ય સરકારે ગિફ્ટ સિટીમાં કોઇપણ વ્યક્તિ ઘરના માલીક અને ઉપયોગ કરી શકે તેની મંજૂરી આપતો ઠરાવ કર્યો

ગાંધીનગર, તા. ૧૦

ગિફ્ટ સિટીના વિકાસ માટે એક અત્યંત મહત્વપૂર્ણ પગલું ભરતાં ગુજરાત સરકારે ઠરાવ ઈશ્યૂ કર્યો છે કે જે વ્યક્તિ ગિફ્ટ સિટીમાં કામ ન કરતાં હોય તેઓ પણ સિટીમાં રહી શકે છે. અત્યાર સુધી ગિફ્ટ સિટીમાં કામ કરતાં લોકો જ તેમાં રહી શકતાં હતાં. આ પહેલાં સરકારે માલીકની શરતો હળવી કરી હતી, જે અંતર્ગત કોઈપણ સંસ્થા ગિફ્ટ સિટીમાં રેસિડેન્શિયલ પ્રોપર્ટીનો વિકાસ અને માલીકી લઈ શકે છે. આ રાહતો સાથે માલીકી અને કબજાની શરતો હવે પ્રતિબંધિત રહી નથી અને તે બધા માટે ખુલી છે. જોકે, છૂટછાટ પ્રથમ ૫૦૦૦ રહેણાંક એકમો અથવા ૩૧ માર્ચ, ૨૦૨૩ પહેલાં બાંધકામ શરૂ થયેલા યુનિટ્સ, બંન્નેમાંથી જે પહેલાં હોય તે મૂજબ મર્યાદિત રહેશે.

આ પહેલનું સ્વાગત કરતાં ગિફ્ટ સિટીના એમડી અને ગ્રૂપ સીઈઓ તપન રે એ કહ્યું હતું કે, "ગિફ્ટ સિટીએ વ્યાપારિક અને સામાજિક વિકાસના પ્રોજેક્ટ્સમાં સારી સહભાગિતા જોઈ છે. આ સુધારો સિટીના રહેણાંક ક્ષેત્રમાં વધુ રોકાણને પ્રોત્સાહન આપશે તથા ગિફ્ટમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત જીવનનો લાભ લેવામાં મદદરૂપ બનશે. શહેરમાં વધુ લોકોના રહેઠાંણ સાથે તે ગિફ્ટ સિટીમાં વાઈબ્રન્સી લાવશે અને રોજગાર માટે નવી તકોનું સર્જન કરશે."

તેમણે ઉમેર્યું હતું કે, "અમારી પાસે પહેલેથી જ પ્રતિષ્ઠિત ડેવલપર્સ છે, જેમના ગિફ્ટ સિટીમાં રહેણાંક પ્રોજેક્ટ્સ વિકાસના વિવિધ તબક્કામાં છે. હવે અમે વધુ રિયલ એસ્ટેટ કંપનીઓ અને રોકાણકારોને વ્યવસાયની નવી તકો ધ્યાનમાં લેવાં આમંત્રિત કરી રહ્યાં છીએ. ગિફ્ટ સિટીને સતત સહયોગ પ્રદાન કરવા બદલ અમે ગુજરાત સરકારના આભારી છીએ."

ગિફ્ટ સિટીમાં સૂચિત ૬૨ મિલિયન ચોરસફૂટના વર્ટિકલ ડેવલપમેન્ટમાં ૧૪ મિલિયન ચોરસફૂટ વિસ્તાર રહેણાંક વિસ્તાર તરીકે આયોજિત છે તથા કુલ વિકાસમાં તેનો હિસ્સો ૨૨ ટકા રહેશે. ડિસ્ટ્રિક્ટ કૂલિંગ સિસ્ટમ, અન્ડરગ્રાઉન્ડ યુટિલિટી ટનલ, ઓટોમેટેડ વેસ્ટ કલેક્શન સિસ્ટમ વગેરે જેવી માળખાકીય સુવિધાઓ ગિફ્ટ સિટીને રિયલ એસ્ટેટ ડેવલપર્સ માટે આકર્ષક કેન્દ્ર બનાવે છે. આમાંથી કેટલીક સુવિધાઓ ભારતમાં પ્રથમવાર અમલમાં મૂકાઈ છે.

હાલમાં ગિફ્ટ સિટીમાં ૨૨૫ એકમોમાં આશરે ૧૦,૦૦૦ લોકો કામ કરે છે. તાજેતરમાં કેન્દ્રિય બજેટમાં જાહેર કરાયેલી વેરા રાહતો તથા ગુજરાત સરકાર તરફથી સ્ટેમ્પ ડ્યુટી મુક્તિને ગિફ્ટ સિટીમાં પોતાનો ઓફશોર બિઝનેસ ઓનશોર કરવા ઈચ્છતા કોર્પોરેટ્સ તરફથી રૂચિમાં વધારો જોવા મળ્યો છે.



ગાંધીનગરની રચના ખૂબ જ પ્લાનીંગ સાથે કરવામાં આવી છે. એકે એક સેકટર અને એકે એક માર્ગને એક થીમ સાથે બનાવાયા છે, તેનું ડીઝાઈનીંગ કરવામાં આવ્યું છે. શહેરમાં એવા ઘણા વૃક્ષો જોવા મળે છે જે પરંપરાગત વૃક્ષો કરતા અલગ છે. આપણી આસપાસ જ જો થોડી બારીક નજર ફેરવવામાં આવે તો ગાંધીનગરના રચયિતાઓએ આપણને આપેલી ભેટ જોવા મળી જાય છે. આજકાલ શહેરના મુખ્યમાર્ગોની આસપાસ નજર ફેરવીએ તો જાંબલી કલરના ફૂલો ખીલી ઉઠયા છે. શહેરની શોભા વધારવા માટે ઉછેરવામાં આવેલા વૃક્ષો દર વર્ષે આ સમયે ખીલી ઉઠે છે અને શહેરને જાણે જાંબલી રંગમાં ઝબોળી દે છે. ચ રોડ અને વિધાનસભાની આસપાસ આવા વૃક્ષો પુષ્કળ પ્રમાણમાં જોવા મળી જાય છે. બળબળતી ગરમીમાં આ જાંબલી રંગી ફૂલો આંખને ઠારે છે.

# શહેરના અગ્રણી ડૉ. હિમાંશુ પટેલ સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારકમાં ટ્રસ્ટી તરીકે નિમાયા

અખંડ ભારતના ઘડવૈયા અને સમગ્ર વિશ્વમાં હિન્દુસ્તાનની આગવી ઓળખ ઉભી કરનાર સરદાર વલ્લભભાઈ પટેલના સમગ્ર દેશમાં આવેલા એકમાત્ર સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક, ગુજરાતના ટ્રસ્ટી તરીકે પાટીદાર યુવા એડવોકેટ ડૉ. હિમાંશુ પટેલની નિમણૂંક કરવામાં આવી છે. સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ મેમોરિયલ ટ્રસ્ટ, ગુજરાતના ટ્રસ્ટી અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વ. કેશુભાઈ પટેલના નિધનથી ખાલી પડેલી જગ્યાએ આ ટ્રસ્ટના ચેરમેન દિનશા પટેલ દ્વારા ડૉ. હિમાંશુ પટેલની ટ્રસ્ટી તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

ડૉ. હિમાંશુ પટેલની ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટ અને સિન્ડિકેટ સભ્યનાં માધ્યમથી શૈક્ષણિક પ્રવૃત્તિઓ તેમજ ગુજરાત રાજ્ય યુવાસંઘ અને રાજ્ય યુવક બોર્ડ દ્વારા યુવા પ્રવૃત્તિઓમાં સરદાર સાહેબ પ્રેરણાસ્ત્રોત રહ્યાં છે. નવાં વિઝન સાથે નૈતિકતા અને પરિશ્રમને જ જીવનમંત્ર બનાવનાર ડૉ. હિમાંશુ પટેલે આ ટ્રસ્ટી



તરીકેની નિમણૂંકને દરેક સમાજની યુવા પેઢી માટે ગૌરવપૂર્ણ ગણાવી છે. ડૉ. હિમાંશુ પટેલ આ ટ્રસ્ટનાં માધ્યમથી સમગ્ર દેશમાં એકતા, અખંડિતતા અને ભાઈચારા માટે અડગ મનોબળ સાથે કાર્યરત રહી સરદાર સાહેબ અને ગુજરાતનું ગૌરવ વધારવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે.

# કામધેનુ યુનિવર્સિટીના સાતમા દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલશ્રી સહિત મહાનુભાવોનું માર્ગદર્શન

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે ગાંધીનગર ખાતે કામધેનુ યુનિવર્સિટીના સાતમા દીક્ષાંત સમારોહમાં પદવી ગ્રહણ કરતા યુવાનોને શુભકામનાઓ પાઠવી હતી અને રાષ્ટ્રની ઉન્નતિ માટે યુવાનો પૂરા સમર્પણભાવથી પ્રવૃત્ત થાય તેવો અનુરોધ પણ કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી અને ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના કરીને એક ચોક્કસ દિશા દર્શન આપ્યુ હતું. પશુપાલન, ડેરી અને મત્સ્યોદ્યોગના વિકાસને નવી ઊંચાઈ પર લઈ જવામાં કામધેનુ યુનિવર્સિટી મહત્વનું યોગદાન આપી શકે તેમ પણ રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું. દેશી નસલની ગાય આર્થિક ઉન્નતિનો આધાર સ્તંભ બની શકે તેમ દૃઢતાપૂર્વક જણાવતાં રાજ્યપાલશ્રીએ ભારતીય પશુધનની પરંપરાગત દેશી નસલોની સુધારણા પર ભાર મૂક્યો હતો. તેમણે પશુપાલન વ્યવસાયને આર્થિક ઉન્નતિ સાથે માનવ સ્વાસ્થ્યની રક્ષા સાથે સંકળાયેલી પ્રવૃત્તિ ગણાવી હતી. રાજ્યપાલશ્રીએ રાસાયણિક કૃષિના દુષ્પરિણામો સામે પ્રાકૃતિક કૃષિ મજબૂત વિકલ્પ બની શકે છે, તેમ જણાવ્યું હતું. કામધેનુ યુનિવર્સિટીના સફળ વિદ્યાર્થીઓને પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે વધુ ને વધુ સંશોધન અને મૌલિક વિચારો સાથે પ્રાકૃતિક કૃષિનું શ્રેષ્ઠ મોડેલ તૈયાર કરવા અને વધુને વધુ ખેડૂતો આ પદ્ધતિ સાથે જોડાય તેવા પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો.

ગુજરાતના પાણી પુરવઠા અને પશુપાલન વિભાગના મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ ગુજરાતમાં પશુપાલન પ્રવૃત્તિની વિકાસ ગાથા રજૂ કરી કામધેનુ યુનિવર્સિટી મહત્વને પ્રસ્તુત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે રાજ્યની ડેરી કોલેજો, પશુપાલન અંગેની ડિગ્રી કોલેજો, પોલિટેકનિક કોલેજોને આ યુનિવર્સિટી હેઠળ મૂકીને કામધેનુ યુનિવર્સિટીનો વ્યાપ વધાર્યો છે. દેશના આર્થિક વિકાસમાં ડેરી પશુપાલન અને મત્સ્યોદ્યોગ વ્યવસાયની મહત્વની ભૂમિકા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

આ દીક્ષાંત સમારોહમાં રાજ્યના પશુપાલન વિભાગના સચિવ નલિન ઉપાધ્યાય, વિવિધ યુનિવર્સિટીના કુલપતિઓ, યુનિવર્સિટી સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આજે પૂ. રવિશંકર મહારાજની પ્રતિમાને પુષ્પાંજલિનો કાર્યક્રમ

આવતીકાલે મહાવદ ચૌદશે મહાશિવરાત્રીનું પાવન પર્વ છે. આ પાવન દિવસે ગુજરાતના મૂક સેવક તરીકે જાણીતા પૂ. રવિશંકર મહારાજની તિથિ અનુસાર જન્મતિથિ પણ છે. જેને અનુલક્ષીને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અન્ય સહયોગી સંસ્થાઓની મદદથી ઘ-૫ સર્કલ ખાતે પ્રસ્થાપિત પૂ. રવિશંકર મહારાજની પ્રતિમાને પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ સવારે ૧૦ કલાકે યોજાશે જેમાં સંસ્થાના અગ્રણીઓ જોડાશે.

# ઈલેક્ટ્રોથર્મના શૈલેષ ભંડારી સામે ખોટી રીતે ૨૦૦ કરોડની લોન લીધાની ફરીયાદ નોંધાઈ

### મુકેશ ભંડારી વિદેશ હતા તે સમયે ૧૦૦-૧૦૦ કરોડની લોન લેવાઈ, ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી

ગાંધીનગર, તા.૧૦

ઈલેકટ્રોથર્મ કંપનીના ડિરેકટર શૈલેષ ભંડારી સામે હવે ૨૦૦ કરોડની ખોટી લોન લીધી હોવાની ફરીયાદ નોંધાઈ છે. શૈલેષ ભંડારીના મોટાભાઈ મુકેશ ભંડારીએ આ ફરીયાદ નોંધાવી છે. મુકેશ ભંડારી વિદેશ હતા તે સમયગાળામાં તેમની ખોટી સહીઓ કરી શૈલેષે ૨૦૦ કરોડની લોન લીધી હતી. બનાવ અંગે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

તાજેતરમાં ઈલેકટ્રોથર્મ કંપનીમાં જીએસટી વિભાગ દ્વારા તપાસ હાથ ધરાઈ હતી.આ તપાસ દરમિયાન કંપનીમાંથી રૂ.૩૩ લાખનો દારુ અને ઓફિસમાંથી જીવતા ૮ કારતુસ મળી આવ્યા હતા. સાંતેજ પોલીસ મથકે શૈલેષ ભંડારી સામે પ્રોહીબિશન અને આર્મ એકટ મુજબ ગુનો નોંધાયો હતો. ત્યારે પોલીસે બુધવારના રોજ શૈલેષ ભંડારીની ધરપકડ કરી છે. ઈલેક્ટ્રોથર્મ કંપનીના ૨૦૨૦ સુધી મુકેશ ભંડારી ચેરમેન હતા. તેઓ પ્રોડકટર અને ટેકનીકલ કામ જોતા હતા. જયારે શૈલેષ ભંડારી ડિરેકટર પદે નાણાકીય વ્યવહાર સંભાળતા હતા. શૈલેષ ભંડારી અને અન્ય વ્યકિત ભેગા મળીને ઈન્ડીયન ઓવરસીસ બેંક પાસેથી બે લોન લીધી હતી. જેમાં ૧૦૦ કરોડની શોર્ટ ટર્મ લોન ૨૦૧૦માં અનને કેસ ક્રેડીટ ફેસીલીટીની ૧૦૦ કરોડની લોન લીધી હતી.બે લોન માત્ર ૬ માસના ગાળા માટે લેવાઈ હતી. લોનના કાગળ પર મુકેશ ભંડારીની સહીઓ હતી. ત્યારે તેઓએ દાવો કર્યો છે કે આ સમય દરમિયાન તેઓ વિદેશમાં ગયા હતા. તેઓ હાજર ન હોવા છતા ૨૦૦ કરોડની લોન લેવાઈ ગઈ હતી, ત્યારે લોનની મુડી, તેનું વ્યાજ મળી કુલ રૂ.૩૧૫ કરોડ ચુકવવાના થયા છે જે બેંકને ચુકવ્યા નથી. આ પૈસાની ઉચાપત કરીને તેઓએ પોતાના અંગત ઉપયોગ કર્યો હોવાનો આક્ષેપ મુકેશ ભંડારીએ કર્યો છે. જેથી કંપનીના હોદેદારો, શેરહોલ્ડર્સ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હોવાની ફરીયાદ નોંધાઈ છે.

**ટચૂકડી જાહેર ખબર**

**ટ્યુશન**

Nur./K.G. અને ધો. ૧ થી ૭ ગુજરાતી માધ્યમના તમામ વિષયોના કોચીંગ માટે સંપર્ક કરો.

**મો. ૯૭૧૨૭૩૧૭૭૫**

**સેક્ટર-૭, ગાંધીનગર**

# સરગાસણ પાસે કારે બાઈકને અડફેટે લેતા ચાલકને ઈજા

ગાંધીનગર સરગાસણ ચોકડી થી મહાત્મા મંદિર તરફ જતા માર્ગ પર ચોકડી થી સામાન્ય અંતરે કટ પાસે અચાનક આવી ગયેલી કારે બાઈકને અડફેટે લીધુ હતું. જેમાં બાઈક ચાલક નીચે પટકાતા શરીરે ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે હાઈટેક હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. બનવા અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર-મહુડી માર્ગ પર આવેલા અમરાપુર ગામના દલપતસિંહ સાણંદ ખાતે આવેલા ટાટા ના નૈનો પ્લાન્ટમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. ગત તા.૩ માર્ચના રોજ તેઓ સાંજના પોણા પાંચ વાગ્યાના અરસામાં સરગાસણ ચોકડી થી આગળ કટ પાસેથી બાઈક નં. જી.જે.૧૮.ડી. એફ.-૬૯૦૭ લઈને પસાર થઈ રહ્યા હતા. તે સમયે અચાનક જમણી બાજુએથી આવેલી કાર નં. જી.જે.૧૮.બી.એલ.-૨૨૪૭ના ચાલકે બાઈકને ટકકર મારી હતી. જેથી દલપતસિંહ નીચે પડી ગયા હતા. તેઓને શરીરે બેઠો માર વાગ્યો હતો. અકસ્માતને પગલે ૧૦૮ દ્વારા તેઓને ખાગની હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા.

**રી-ટેન્ડરીંગ જાહેર નિવિદા**

**વર્ષ - ૨૦૨૦-૨૦૨૧**

**ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લી.**

**ગાંધીનગર મહાનગરપાલિકા**

**બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લી. દ્વારા નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કરવાના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ રી-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટે.નં. | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| GSCDL-RFP INFRA 1-2020/21 | Modification and New Construrction of 6 Nos. of School Building in Gandhionagar Municipal Corporation Area, Gandhinagar | 18,000/- | 27,15,730/- |

ટેન્ડર ફોર્મ તા. ૧૦/૩/૨૦૨૧ થી તા. ૨૩/૩/૨૦૨૧ સુધી સમય ૧૮:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈપણ ડોકયુમેન્ટ ઓનલાઈન ઈલેકટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી www.nprocure.com પર મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ CEO, Gandhinagar Smart City Development Ltd. ના નામે તા. ૧/૪/૨૦૨૧ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ટેકનીકલ ઓફર ઓપનીંગ તા. ૫/૪/૨૦૨૧ના રોજ ૧૧:૦૦ કલાકે કરવામાં આવશે.

**સ્થળ : ગાંધીનગર**

**તા. ૧૦/૩/૨૦૨૧**

**માહિતી/૨૧૧૨/૨૦-૨૧**

**સહી/-**

**મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર અને ચેરમેન ગાંધીનગર સમાર્ટ સીટી ડેવલોપમેન્ટ લીમીટેડ**